# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/167 Dt. 04/10/2025

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' વિષય પર સેશન યોજાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે ગુરુવારે, તા. ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' વિષય પર સેશન યોજાયું હતું.

આ સેશનમાં પેનલ ડિસ્કશનમાં ડૉ. પારુલ વડગામા, સુશ્રી આરતી ગંગવાલ, સુશ્રી શ્રધ્ધા શાહ રાજ, સુશ્રી સુરુચી અગરવાલ અને ડૉ. ધ્વની પટેલે મહિલાઓના સ્વાસ્થ્ય માટે ઉપયોગી એવી માહિતી પૂરી પાડી હતી.

ડો. કાજલ માંગુકિયાએ પ્રિ-મેરેજ કાઉન્સિલીંગ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભવિષ્યમાં સ્વસ્થ પરિવાર માટે જરૂરી છે કે, મેરેજના પહેલા બંનેના હેલ્થ સંબંધિત રિપોર્ટસ કરાવવા જોઇએ. લગ્નના ૬ મહિના પહેલા પ્રિ-મટેરિયલ રિપોર્ટસ કરાવવા વધુ યોગ્ય છે. આ રિપોર્ટસમાં બ્લડ રિપોર્ટ, થાયરોઇડ, હેપિટાઇટિસ- બી, હેપિટાઇટિસ-સી, જેનેટિક અને ઈન્ફેક્શન સંબંધિત રિપોર્ટસ તેમજ રૂબેલા ઈમ્યુનિટી ટેસ્ટ કરાવવામાં આવે છે. એજ્યુકેશન, અવેરનેસ અને વર્ક કલ્ચરના કારણે વ્યક્તિના જીવનમાં અનેક બદલાવો આવી રહ્યા છે. હાલમાં Vaginismus ના દૈનિક ૫ થી ૧૦ કેસો સામે આવી છે.'

ડો. સોનિયા ચંદાનીએ જણાવ્યું હતું કે, 'દેશની ૪૦% વસ્તી જરૂરિયાત કરતા ઓછું ન્યુટ્રિશિયન લે છે. દેશમાં મહિલાઓમાં લોહીની અછત અને એનીમિયાની સમસ્યા હોવાના અનેક કેસો છે. નાના બાળકોને એક વર્ષ સુધી ખાંડ (સુગરની) વસ્તુઓથી દૂર રાખવું જોઇએ, તેઓને માત્ર ફળો અને પોષણક્ષમ આહાર આપવો જોઇએ. સ્ત્રીઓ માટે પોષણ માત્ર આરોગ્ય માટે જ નહિ પરંતુ જીવનની ગુણવત્તા, ભવિષ્યની પેઢીની તંદુરસ્તી અને લાંબા આયુષ્ય માટે અત્યંત જરૂરી છે. મહિલાઓ પીસીઓએસ માટે દૂધ, દહીં, પનીર, ઘી, સીડ્સ, ફ્રૂટ્સ અને ડાયફ્રૂટ્સ સૌથી સારો આહાર ગણાય છે.'

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ ચેમ્બરના કાર્યો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, પબ્લિક હેલ્થ કમિટીના સભ્યશ્રીઓ તેમજ મહિલાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સુશ્રી કિંજલ જૈને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી હર્ષિત હેમનાનીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો, ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.